**તા. ૩૧/૦૫/૨૦૧૪ નાં રોજ બપોરે ૨:૦૦ કલાકે આઈ.ટી.સેન્ટર, અસ્પી એગ્રીબીઝનેશ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ એકઝામીનેશન સોફટવેરની તાલીમ તથા તે અંગેની બેઠકની કાર્યવાહી નોંધ.**

---

કુલસચિવશ્રીએ હાજર રહેલ તમામ આચાર્યશ્રીઓ અને એકેડેમીક ઈનચાર્જશ્રીઓને તેમજ સંબંધીત સર્વે કર્મચારીશ્રીઓને આવકારીને મીટીંગની શરૂઆત કરી.

કુલસચિવશ્રીએ જણાવ્યુ કે, એકઝામીનેશન સોફટવેર વર્ષઃ ૨૦૧૩–૧૪ નાં પ્રથમ સેમેસ્ટરથી કાર્યરત કરવામાં આવેલ છે. તે માટે સંબંધીત સર્વેને તેનાથી વાકેફ કરીને અવારનવાર તેનાં ઉપયોગ માટે જરૂરી સુચનાઓ પણ આપવામાં આવેલ છે. તેમ છતાં, હજી કેટલાક શિક્ષકો તરફથી સોફટવેરમાં માર્ક એન્ટ્રી કરવામાં ભૂલો કરવામાં આવે છે. માર્ક એન્ટ્રી તેના સમયમર્યાદામાં ન થાય તો રીઝલ્ટમાં ભૂલો રહેવા પામે છે. અનુસ્નાતક અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓ અને મેજરગાઈડનું કોર્ષ મેપીંગ તેમજ કોર્ષ સાથે કોર્ષ ટીચરનું મેપીંગ કરવામાં ન આવતા Des.13/Jan.14 ના પરીણામમાં ખુબ જ ક્ષતિઓ માલુમ પડેલ છે. પરીક્ષાની કામગીરીમાં આવી નિષ્કાળજી રાખવામાં આવે તે યોગ્ય નથી.

આ ઉપરાંત ડાયરેકટરશ્રી, આઈ.ટી. દ્વારા રજુ કરવામાં આવેલ મુદ્દાઓની નીચે મુજબની ચર્ચા કરવામાં આવી.

**૧. વિદ્યાર્થીઓનાં પરિણામની માર્કસ એન્ટ્રી બાકી રહેલ છે તે બાબત...**

આ બાબતે કુલસચિવશ્રીએ જણાવેલ કે, આવા તમામ શિક્ષકો સામે યોગ્ય પગલા લેવાના રહે. હાજર રહેલ આચાર્યશ્રીઓએ જણાવેલ કે, આવા જે કિસ્સાઓ હોય તે અમને જાણ કરવામાં આવે તો તે બાબતે જે તેને સુચના આપી શકાય. આ બાબતે તમામ આચાર્યશ્રીઓનાં અભિપ્રાય મુજબ આવી કામગીરી પ્રથમવાર કરવાની થયેલ હોય આ પરીક્ષા પૂરતી છુટછાટ આપવી જરૂરી છે. આથી સર્વાનુમતે એવું સુચન થયેલ છેકે, જેઓ તરફથી આ કામગીરી બાકી હોય તે દિન–૩ માં સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ ન કરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

**૨. અનુસ્નાતક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓનાં કોર્ષ મેપીંગ બાબતે...**

અનુસ્નાતક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓનાં કોર્ષ મેપીંગ બાબતે પણ કેટલીક ભૂલો જણાયેલ છે. આ બાબતે પણ સર્વાનુમતે એવુ નકકી કરવામાં આવેલ કે, હાલમાં જે કાંઈ ભૂલો હોય તે સુધારી લેવી.અને ભવિષ્યમાં આવી ભૂલો ન થાય તેની તકેદારી રાખવી.

૩. **Research ક્રેડીટનાં પરીણામ બાબતે...**

વિદ્યાર્થીઓનાં કોર્ષ મેપીંગ સમયે Research ક્રેડીટને અલગ અલગ સેમેસ્ટરમાં દર્શાવવામાં આવે છે. જેને લીધે તેની માર્કસ એન્ટ્રી થઈ શકતી નથી. હાલમાં જે વિદ્યાર્થી જે સેમેસ્ટરમાં થીસીસ સબમીટ કરે તે જ સેમેસ્ટરમાં તેની રીસર્ચ ક્રેડીટનું પરીણામ રજુ કરવામાં આવે છે. રીસર્ચ ક્રેડીટનું પરીણામ જે સેમેસ્ટરમાં થીસીસ સબમીટ કરવામાં આવે તે સેમેસ્ટરમાં એમ.એસસી. અને પીએચ.ડી. વિદ્યાર્થીની કુલ રીસર્ચ ક્રેડીટને સેમેસ્ટરવાઈઝ કુલ રીસર્ચ ક્રેડીટ દર્શાવવાની રહેશે. દા.ત. એમ.એસસી. માટે રીસર્ચ ક્રેડીટ ૨૦ હોય તો [II(4)+III(6)+IV(10)=20] જયારે પીએચ.ડી. વિદ્યાર્થી માટે [II(5)+III(10)+IV(10)+V(10)+VI (10)=45] દર્શાવવાની રહેશે. ઈન સર્વિસ પીએચ.ડી. વિદ્યાર્થી માટે રીસર્ચ ક્રેડીટ [III(5) +IV(5) + V(5)+ VI(10)+VII(10)+VIII(10)=45] દર્શાવવાની રહેશે. રીસર્ચ ક્રેડીટનું મેપીંગ ફકત જે સેમેસ્ટરમાં થીસીસ સબમીટ કરે ત્યારે જ કરવાનું રહેશે. જેની વિગત સોફટવેરમાં અલગથી મેનુ આપવામાં આવશે.

૪. **વર્ષઃ ૨૦૧૩–૧૪નાં બીજા સેમેસ્ટરની પરીક્ષાનાં એનરોલમેન્ટ બાબત...**

યુનિવર્સિટીનાં જુદા જુદા અભ્યાસક્રમોની વર્ષ ૨૦૧૩–૧૪ ની બીજા સેમેસ્ટરની પરીક્ષા મે–જુન–જુલાઈ દરમ્યાન યોજાનાર છે. આ પરીક્ષાઓમાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓની યાદી સોફટવેરમાં મુકવાની હોય છે. જેથી કરીને આ પરીક્ષાનું પરીણામ તેમાં રજુ કરી શકાય. આ માટે તમામ પોલીટેકનીક અને કોલેજનાં આચાર્યશ્રીઓને આ કામગીરી દિન–૨ માં પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું.

૫. **વર્ષઃ ૨૦૧૩–૧૪ની બીજા સેમેસ્ટરની પરીક્ષાનાં પરીણામની માર્કસ એન્ટ્રી બાબત...**

યુનિવર્સિટીનાં જુદા જુદા અભ્યાસક્રમોની વર્ષ ૨૦૧૩–૧૪ ની પરીક્ષા મે–જુન–જુલાઈ દરમ્યાન યોજાનાર છે.જેની માર્કસ એન્ટ્રીનું સંપૂર્ણ ટાઈમ ટેબલ DIT દ્વારા Circular તરીકે મુકવામાં આવશે. જેની નિયત તારીખ પછી માર્કસ એન્ટ્રી અપલોડ થઈ શકશે. નિયત સમયમર્યાદા પછી કોઈપણ સંજોગોમાં માર્કસ એન્ટ્રી થશે નહી. જેની અંગત જવાબદારી જે તે શિક્ષકની રહેશે.

કુલસચિવશ્રીએ જણાવેલ કે, ડીસે./જાન્યુ.ની પરીક્ષાનાં પરીણામ અંગે થયેલ ભુલોનું પુનરાવર્તન હવે થવું જોઈએ નહી. જો પરીક્ષાની કામગીરીમાં નિષ્કાળજી રાખવામાં આવશે તો તે માટે સંબંધીતની સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

અંતે મદદનીશ કુલસચિવશ્રીએ સૌને આભાર માનીને બેઠકની કાર્યવાહી પૂર્ણ થયેલ જાહેર કરી.

**કુલસચિવ**